**મહે. એડી.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં મુ.અમરેલી**

| ફોજદારી કેસ નં. | 1334/2026 |
|---|---|

**આંક–**

**ફરીયાદી:–** **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :** **દિનેશભાઈ મનસુખભાઈ વ્યાસ**

**રહે. અમરેલી , તા.જી. અમરેલી**

**<u>ગુન્હો :–ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ–૬૬(૧)બી મુજબ.</u>**

## –:: ચુકાદો ::–

(૧) આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટીના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના પત્ર અન્વયે નામ.જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, અમરેલીના પત્રથી સ્પેશયલ સીટીંગની અમો મેજીસ્ટ્રેટને સત્તા આપવામાં આવેલ છે તે મુજબ સદર કેસ આજરોજ રાખેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે. ત્યારબાદ આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુન્હાના કામે આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેઓની સામેનો ગુનો કબુલ હોવાનુ કબુલાત કરતા હોય જેથી આરોપીને સમજાવવામાં આવે છે કે, તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી. તેમ છતા કબુલાત પુરસીશ આપી જાહેર કરી પોતાને ગુનો કબુલ મંજુર હોય જેથી યોગ્ય હુકમ કરવા જણાવેલ છે. આરોપી તર્ફે કરવામા આવેલી કબુલાત ખરી, કાયદેસરની ને સ્વૈચ્છીક હોવાની ખાતરી થતા તે મંજુર કરવામા આવે છે.

(૩) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી એમ જાહેરાત કરેલ છે કે, અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ કાયમી ધંધો નથી, અમો છુટક મજુરીનુ કામ

કરીએ છીએ, અમો અમારુ તેમજ અમારા કુટુંબનુ ગુજરાન કરી શકીએ તેથી અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોઈ ઉપરાંત રોજગાર પણ ન હોય, તે તમામ હકીકતો ધ્યાને લઈ, અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અમને માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ. આરોપીએ ખરેખર સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૫) આરોપી વિરુધ્ધ ગુનાનો આક્ષેપ જોતા તથા આરોપી ધ્વારા કરેલ ગુના કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપી આર્થિક તથા સામાજીક રીતે ગરીબ વર્ગના જણાય આવે છે તેમજ ભવિષ્યમાં બીજો કોઈ ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. આરોપીએ જાહેર કરેલો પસ્તાવો તથા આરોપીની વર્તણુક તથા સામાજીક જવાબદારી ધ્યાને લેતા તથા કેસનુ રેકર્ડ વંચાણે લેતા અને ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧)જી.એલ.આર. ૭૦૯'', ચુકાદામાં નામ. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનુ હીત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૫ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬ (૧) બી મુજબના ગુન્હા બદલ તકસીરવાન ઠરાવી **રૂા.૧૦૦/- (અંકે રૂપિયા એકસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ભરવામાં કસુર કરે તો દિન-૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં હુકમ જાહેર કર્યો.

**સ્થળ: અમરેલી**
**તા.૧૧/૦૭/૨૦૨૬**
**સ્પે.સીટીંગ**

**(કે.એસ.રાણા)**
**અધિક જયુ. મેજીસ્ટ્રેટ ફ.ક.**
**અમરેલી**
**જી.જે.૦૧૬૪૨**

દંડ રૂા. ૧૦૦ /- (અંકે એકસો પુરા) પાવતી
નંબર .............થી આજરોજ જમા લીધા.
તા.૧૧/૦૭/૨૦૨૬

સુપ્રિન્ટેન્ડન્ટ
અધિક જયુ. મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટ
અમરેલી